ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે નવીનીકરણ તેમજ પંચતિર્થ મ્યુરલ બનાવવાની કામગીરી માટેના કુલ રૂ.૩૭,૪૨,૯૬૦/-ના ખર્ચ અંદાજોની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : SJED/ASO/e-file/17/2022/0036/G
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ઈ-સાઈન મુજબ

વંચાણમાં લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : અબડ/૧૦૧૭/૬૪૩૦૩૫/(નબા-૦૫)/ગ, તા.૦૯/૦૪/૨૦૧૮.
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : SJED/ASO/e-file/17/2022/0036/G, તા.૨૦/૦૩/૨૦૨૪.
(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક : SJED/ASO/e-file/17/2022/0036/G, તા.૦૨/૦૩/૨૦૨૬.
(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૫૦૬/૨૦૨૬, તા.૩૦/૦૭/૨૦૨૬

આમુખ :

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧ મુજબના તા.૦૯/૦૪/૨૦૧૮ના ઠરાવથી ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે ફેઝ-૩ની કામગીરી માટે રૂ.૩,૧૫,૦૦,૦૦૦/-ના ખર્ચની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૨ મુજબના તા.૨૦/૦૩/૨૦૨૪ના સમાનાંકી ઠરાવથી રીનોવેશન તથા અન્ય કામગીરી માટેના રૂ.૨,૮૨,૦૦,૦૦૦/- ના ખર્ચની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

3. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-3 મુજબના તા.૦૨/૦૩/૨૦૨૬ના સમાનાંકી ઠરાવથી સદર ફાઉન્ડેશન ખાતે ફેઝ-૩ની કામગીરી અન્વયે રૂ.૩,૬૨,૨૨,૨૨૮/- ની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૪. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ-૪ મુજબના તા.૩૦/૦૭/૨૦૨૬ના પત્રથી ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદના નવીનીકરણ અને પંચતિર્થ મ્યુરલ બનાવવાની કામગીરી માટે સુધારેલી વહીવટી મંજૂરી મેળવવા અંગેની રજૂ કરાયેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

કાળજીપૂર્વક વિચારણાને અંતે, ડૉ.આંબેડકર રાષ્ટ્રીય ફાઉન્ડેશન રાણીપ, અમદાવાદ ખાતે નવીનીકરણ માટે તેમજ પંચતિર્થ મ્યુરલના નિર્માણ માટે રૂ.૩૭,૪૨,૯૬૦/-(અંકે રૂપિયા સાડત્રીસ લાખ બેતાળીસ હજાર નવસો સાહીઠ પૂરા)ના ખર્ચ અંદાજોને, વંચાણે લીધેલ ક્રમ-૧,૨ અને ૩ મુજબના ઠરાવો પરત્વેની કામગીરીનું પુનરાવર્તન ન થાય તે સુનિશ્ચિત કરવાની શરતે, આથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૨. વધુમાં, આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-૧,૨ અને ૩ની વહીવટી મંજૂરીના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૩. સદર બાબતે થનાર ખર્ચ માંગણી નં.૯૫-૨૨૨૫-૦૧-૮૦૦-૧૦ SCW-20 ખાતે ઉધારવાનો રહેશે.

૪. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૧૫/૦૮/૨૦૨૬ની નોંધથી મળેલ

મજૂરી અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(હેમંત શ્રીમાળી)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ - વિભાગની વેબસાઈટમાં ગ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by: H M Shrimal
Deputy Secretary
Date:2026.08.15
23:29:58 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign